# બનાસકાંઠામાં વધુ બે કોરોના પોઝિટિવ

## પાલનપુરના ગઠામણ ગામે લોકલ સંક્રમણથી બાળકી અને યુવકને કોરોનાનો ચેપ લાગ્યો...કુલ ૮ કેસ પોઝિટિવ નોંધાયા

બનાસકાંઠા જિલ્લામાં લોકલ સંક્રમણથી કોરોના વાયરસનો ચેપ પ્રસરી રહ્યો છે. જ્યાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામે શુક્રવારે એક બાળકી અને યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેની સાથે જિલ્લામાં કોરોના પોઝિટિવ વ્યક્તિઓની સંખ્યા ૮ થતાં લોકોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે.

ઉત્તર ગુજરાતમાં બે દિવસથી કોરોના વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે. જ્યાં બનાસકાંઠામાં શુક્રવારે નવા બે કોરોના પોઝિટિવ કેસ નોંધાતા પ્રજાજનોમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, પાલનપુર તાલુકાના ગઠામણના ચાર વ્યક્તિઓનો કોરોનાનો રિપોર્ટ અગાઉ પોઝિટિવ આવ્યો હતો. જે તમામને સારવાર અર્થે ખસેડી આ વ્યક્તિઓના સંપર્કમાં આવેલા લોકોને શોધી તેમને હોમ કોરેન્ટાઈન કરવામાં આવી રહ્યા છે. અને તમામના સેમ્પલ લઈ તપાસાર્થે મોકલવામાં આવ્યા છે. જેમાં ગુરૂવારે બાકી રહેલા ૧૧ રિપોર્ટનું પરિણામ શુક્રવારે આવ્યું હતું. જેમાં આ પોઝિટિવ દર્દીઓના સંપર્કમાં આવેલી એક ૫ વર્ષની બાળકી અને ૩૫ વર્ષના યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે અગાઉ વાવ તાલુકાના મીઠાવી ચારણ ગામે એક પાંચ વર્ષનો બાળક તેમજ તેને સુરતથી સ્કોર્પિયો ગાડીમાં લાવનારા વાવ તાલુકાના માવસરી ગામના યુવકને પણ ચેપ લાગતાં તેમને પણ કોરોના પોઝિટિવ થયો હતો. આમ, જિલ્લામાં કોરોના વાયરસના કુલ ૮ વ્યક્તિઓ પોઝિટિવ બન્યા છે.જેના પગલે બનાસકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટ સંદિપ સાંગલેએ જાહેર કરાયેલા જાહેરનામામાં જણાવાયું છે કે,જાહેર સ્થળોએ તેમજ કામના સ્થળોએ ચેહરો ફરજિયાતપણે ઢાંકવાનો રહેશે. જાહેર સ્થળો, કામના સ્થળો, વાહન સંચાલકો અને મુસાફરો તમામ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ સોશ્યલ ડિસ્ટન્સીંગના માપદંડો સુનિશ્ચિત કરવાના રહેશે. કામના તમામ સ્થળોએ પુરતા પ્રમાણમાં તાપમાન માપવા માટેની વ્યવસ્થા હોવી જોઈએ તથા યોગ્ય સ્થળોએ પુરતા પ્રમાણમાં સેનેટાઈઝરોની સુવિધા પુરી પાડવાની રહેશે. કામના સ્થળોએ બે પાળી વચ્ચે એક કલાકનું અંતર હોવું જોઈએ. તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ તે રીતે સ્ટાફ માટે ભોજન વિરામનો સમય સુનિશ્ચિત કરવાનો રહેશે. ૬૫ વર્ષથી વધુ વયના વ્યકિતઓ તથા અન્ય બિમારીઓથી ગ્રસ્ત હોય તેવા તેમજ પાંચ વર્ષથી નાના બાળકના વાલીઓને ઘરેથી કામ કરવા પ્રોત્સાહિત કરવાના રહેશે. તમામ જાહેર તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓને આરોગ્યસેતુ એપ્લીકેશનના ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવાના રહેશે. તમામ સંસ્થાઓએ પાળી વચ્ચેના અંતરમાં કામના સ્થળોને સેનેટાઈઝ કરવાના રહેશે. મોટી સભાઓ પ્રતિબંધિત રહેશે. સામાન્ય વપરાશવાળી સપાટીઓની વારંવાર સફાઈ કરવાની રહેશે. તેમજ હાથની ફરજિયાત સફાઈ આદેશાત્મક રહેશે. પાળીઓ વચ્ચે અંતર તેમજ કેન્ટીનમાં સોશ્યલ ડિસ્ટન્સીંગના હેતુસર છુટાછવાયા ભોજનની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુસર સઘન પ્રત્યાયન તથા તાલીમ યોજવાની રહેશે.

## ધરમ કરતા ધાડ પડી : ખાનગી હૉસ્પિટલના સ્ટાફને કોરોન્ટાઈન કરાયા

**ભિલોડા તાલુકાના કુશાલપુરાની વૃદ્ધઆનો કોરોનાનો રીપોર્ટ પોઝીટીવ આવતા તંત્ર કામે લાગ્યુ : ત્રણ દિવસ અગાઉ વૃદ્ધાને હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલમાં દાખલ કરાયા હતી : હોસ્પિટલના સ્ટાફને કોવિડ હોસ્પિટલમાં નિગરાની હેઠળ રાખી દેવાયા : નવા ડોક્ટર સહિત પેરામેડીકલ સ્ટાફનો સમાવેશ**

હિંમતનગર, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના કુશાલપુરા ગામના એક ૭૦ વર્ષના વૃદ્ધ



મહિલાને થોડા દિવસ અગાઉ હાર્ટએટેક આવતા તેમને સારવાર માટે હિંમતનગરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. દરમિયાન આ વૃદ્ધાને કોરોનાનો ચેપ લાગ્યો હોવાથી તેણીનો અમદાવાદ મોકલી અપાયા હતા. જ્યા આ વૃદ્ધાનું શુક્રવારે વહેલી સવારે મોત નિપજ્યુ હતુ. દરમિયાન આ હકિકતને લઈને સાબરકાંઠાના વહિવટીતંત્રએ તાડબતોબ હિંમતનગર આ ખાનગી હોસ્પિટલની નવ ડોક્ટરો સહિત પેરામેડીકલ અને સ્વીપર સહિત ૩૬ કર્મચારીઓને શુક્રવારે હિંમતનગરની કોવિડ હોસ્પિટલમાં કોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા છે.

આ અંગેની વિગત એવી છે કે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના કુશાલપુરા ગામના એક ૭૦ વર્ષિય વૃદ્ધાને અચાનક હૃદયરોગનો હુમલો આવતા તેમના પરિવારજનો દ્વારા ગત ૧૩ એપ્રિલના રોજ બપોર બાદ સારવાર માટે હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલમાં લવાયા હતા જ્યાં એક દિવસ ઈનડોર પેસન્ટ તરીકે રખાયા બાદ વધુ સારવાર માટે અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં આ વૃદ્ધાના કેટલાક રીપોર્ટ કરાવાતા તેમાં વૃદ્ધાને કોરોના વાયરસના લક્ષણો દેખાયા હતા અને શુક્રવારે વહેલી સવારે આ વૃદ્ધાનું મોત નિપજ્યુ હતુ. જેથી આ વૃદ્ધના અગ્નિ સંસ્કાર પણ અમદાવાદના સ્મશાનગૃહમાં કરી દેવાયા હતા.

તો બીજી તરફ આ વૃદ્ધાને સારવાર માટે હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલમાં સારવાર માટે રખાયા હોવાથી તંત્ર દ્વારા અગમચેતીના પગલારૂપે શુક્રવારે આવિષ્કાર હોસ્પિટલના નવ ડોક્ટરો સહિત પેરામેડીકલ અને સ્વીપર મળી ૩૬ કર્મચારીઓને સહકારી જીન વિસ્તારમાં આવેલ કોવિડ હોસ્પિટલ (મેડીસ્ટાર)માં કોરોન્ટાઈન કરી દેવામાં આયા હતા. જે અંગે ડૉ. વિપુલભાઈ જાનીએ જણાવ્યુ હતુ કે આવિષ્કાર હોસ્પિટલના સ્ટાફને કોરોન્ટાઈન કરી દેવામાં આવ્યો છે. અને સરકારની ગાઈડલાઈન મુજબ આગળની કામગીરી કરાઈ રહી છે.

જિલ્લા આરોગ્ય કેન્દ્રના અધિકારી ડૉ. ચિરાગભાઈ મોદીના જણાવ્યા મુજબ સરકારની ગાઈડલાઈન મુજબ આવિષ્કાર હોસ્પિટલના સ્ટાફને કોરોન્ટાઈન



કરાયા બાદ બપોર પછી તેમની તપાસ કરવામાં આવી હતી. જેમાં કોઈ શંકાસ્પદ વિગતો બહાર આવી નથી તેમ છતાં આ કર્મચારીઓ પૈકી દર્દીના વધુ સંપર્કમાં આવેલા ડૉક્ટર તથા પેરામેડીકલ સ્ટાફના સેમ્પલ લઈને તપાસ માટે મોકલી અપાશે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં અગમચેતીના પગલા લેવાઈ રહ્યા છે જેને લઈને જિલ્લાની પ્રજાએ તંત્રના નિયમોનું પાલન કરીને ઘરે રહેવુ જોઈએ અને જરૂર પડે તો બહાર નિકળો ત્યારે માસ્કનો ઉપયોગ ફરજીયાત કરવાની અપીલ કરાઈ છે.



સાબરકાંઠા જીલ્લાના હિમતનગર બાદ પ્રાંતિજ અને તલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એનસીસીના ૨૬ કેડેટસ કોરોના વોરિયર બન્યા હતા અને ફરજ બજાવવાની શરુ કરી હતી આ બંને પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ બેંક અને રોડ પરના બંદોબસ્તમાં એનસીસી કેડેટસોને ગોઠવવામાં આવ્યા હતા.



હિમતનગર સહીત સાબરકાંઠા જીલ્લામાં શુક્રવારે વહેલી સવારથી વાતાવરણમાં પલટો આવ્યો હતો જેને લઈને ખેતરમાં ઉભા પાકની કાપણીને લઈને ચિંતામાં મુકાયા હતા.

## તલોદ માર્કેટયાર્ડો અનાજોની આવકોથી ધમધમી ઉઠયા

તલોદ, તા. ૧૭

સતત એક માસથી દેશભરમાં ચાલી રહેલા લોકડાઉનથી તલોદનું માર્કેટયાર્ડ સુમસામ ભાસી રહ્યું હતુ. રહી છે.

ખેડૂતો અને વેપારીઓથી માંડી તલોદ મજૂરો પણ માસ્ક પહેરી થોડાક થોડાક અંતરોથી ઉપજ અનાજોનુ વિતરણ અને પણ બિયારણ તેમજ અન્ય ચીજોની પણ ખરીદી કરતા નાના-મોટા અમેક ધંધાઓ પણ સારી એવી અસર થવાની લોકોમાં સંભાવના છે.



રાજ્યમાં બિજા નંબરનું આ માર્કેટયાર્ડ સરકાર દ્વારા ખેડૂતોની ઉપજ ખરીદવા માટેની છૂટછાટ અપાતા ખેડૂતોની વહેલી સવારથી જ લાબી કતારો ગેટ નં. ૨ થી લાગી ગઈ હતી. મસમોટી માલની આવકોની ચુસ્ત બંદોબસ્ત હેઠળ માલની હરાજી કરવામાં આવી વેચાણ માર્કેટયાર્ડમાં કરેલા રજીસ્ટ્રેશન મુજબ ફોન દ્વારા ખેડૂતોને બોલાવીને મોટો ધસારો ન થાય તેનું ધ્યાન રાખી માલની ખરીદી કરવામાં આવે છે. ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરતા પોતાની આવકોના વિતરણથી બિજા નવીન પાકો માટે

માર્કેટયાર્ડ ખૂલતા વેપારીઓ અને ખેડૂતોની લેવડદેવડથી બેંકોમાં ધમધમતા ગ્રાહકોનો ધસારો જોવા મળ્યો હતો. આમ તલોદ માર્કેટયાર્ડથી અનેક લોકોની આજીવીકા પણ રાબેતામુજબ ચાલવાની સારી અસરો દેખાઈ હતી.

## મોડાસા કેડાઈ દ્વારા મુખ્યમંત્રી રાહતફંડમાં પાંચ લાખ દાન

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લા કેડાઈ મોડાસા (રીયલ એસ્ટેટ એશોશીએશન ઓફ ઈન્ડિયા) વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના સામે જંગ લડી રહ્યા છે. લોકડાઉનમાં પણ કોરોના સંક્રમણમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે ગુજરાત કેડાઈના ચેરમેન સંદીપભાઈ શેઠે ગુજરાત રાજ્યના વિવિધ કેડાઈ સિટી ચેપ્ટર વતી મુખ્યમંત્રી રાહત ફંડમાં પાંચ કરોડનો સહયોગ આપવાનો નિર્ણય કરવામાં આવતા અરવલ્લી જીલ્લાના મોડાસા એકમે અરવલ્લી જીલ્લા કલેક્ટરને ૫ લાખ રૂપિયાનો ચેક સુપ્રત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા કેડાઈ પ્રમુખ કમલેશ પટેલ, ચેરમેન જીતેન્દ્ર પટેલ સિટી ચેપ્ટરના પ્રમુખ દિલીપપટેલ, વિનોદભાઈ, હરેશભાઈ પટેલ તથા બંટીભાઈ અને મોડાસાના બિલ્ડર્સ ધ્વારા રાષ્ટ્રહિતમા સ્વેચ્છાએ ઉદાર હાથે સહયોગ આપ્યો હતો.

# મોડાસા માર્કેટયાર્ડ ધમધમી ઉઠ્યું

**રજીસ્ટ્રેશન કરેયેલ ૫૦ ખેડૂતોને થર્મલ સ્ક્રીનિંગ અને સેનેટાઇઝ કરી માર્કેટયાર્ડમાં પ્રવેશ**

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લામાં લોકડાઉનની લંબાવતા સૌથી વધુ કફોડી હાલત જગતના તાતની થઈ છે. ખેડૂતોની જીવાદોરી સમાન ઘઉં અને રવિ સીઝનની પેદાશોના ઢગલા ઘર અને ખેતરમાં પડી રહેતા ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થવાનો વારો આવ્યો હતો. મોડાસા માર્કેટયાર્ડના સત્તાધીશોએ જીલ્લામાં એકપણ કોરોનાનો કેસ ન હોવાથી ખેડૂતોને રવિ પેદાશ વેચવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ૧૪ એપ્રિલથી શરુ કરતા ખેડૂતોએ મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ગુરુવારથી રજીસ્ટ્રેશન કરાયેલ ૫૦ રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને ખરીદી માટે બોલાવતા મોડાસા માર્કેટયાર્ડ ધમધમી ઉઠ્યું હતું. ઘઉંના મણે ૩૫૦ થી ૪૦૦ રૂપિયા મળી રહેતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

કોરોના મહામારીમાં કોરોનાનું સંક્રમણ ન ફેલાય તેની તકેદારીના ભાગરૂપે મોડાસા માર્કેટયાર્ડમાં ટ્રેક્ટર સહીત વિવિધ વાહનો મારફતે ઘઉં અને રવિપાક લઈ વેચાણ અર્થે પહોંચેલા ખેડૂતો



અને ડ્રાઈવરનું થર્મલ સ્ક્રીનિંગ અને સેનેટાઈઝ કરી માર્કેટયાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. સોશ્યલ ડિસ્ટન્સ જળવાઈ રહે તેની તકેદારી રાખી ખેડૂતોના પાકની ખરીદી થતા ખેડૂતોએ હૈયે હાશકારો અનુભવ્યો હતો. મોડાસા માર્કેટયાર્ડમાં ૩૨ ખેડૂતો ઘઉં વેચાણ અર્થે પહોંચતા શરુ થયેલી હરાજીમાં ૩૫૦થી ૪૦૦ રૂપિયા પ્રતિ મણ ઘઉંનો ભાવ મળી રહેતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

લોકડાઉનના પગલે માર્કેટયાર્ડ ન ખુલતા ખેડૂતો ૨૫૦ થી ૩૦૦ રૂપિયે મણ ઘઉં વેચવા મજબુર બન્યા : લોકડાઉનના પગલે માર્કેટયાર્ડ બંધ રહેતા ખેડૂતોએ મોટા પ્રમાણમાં પકવેલ ઘઉં ખેતરોમાં અને ઘઉં આગળ ઢગલા કરી રાખી મુક્યા હતા વારંવાર વાતાવરણમાં પલટો લોકડાઉનની કપરી સ્થિતિમાં જીવનનિર્વાહ ચલાવવાના ફાંફા અને સંગ્રહ કરવાની યોગ્ય વ્યવસ્થાના અભાવે મિલધારકો અને વેપારીઓને ૨૫૦ થી ૩૦૦ રૂપિયા પ્રતિ મણ વેચવા મજબુર બન્યા છે ત્યારે માર્કેટયાર્ડ શરતોને આધીન ઘઉંની ખરીદી શરુ કરતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.

લોકડાઉનમાં પૈસાની તંગીમાં કેટલાક વેપારીઓએ ખેડૂતોની મજબુરીનો લાભ ઉઠાવવા ગામડાઓમાં ધામા નાખ્યા : લોકડાઉનની સ્થિતિમાં કેટલાક ધંધાર્થીઓ વધુ લાલચુ બની ગયા છે. જીવનજરૂરિયાત ચીજવસ્તુઓના ભાવમાં પણ ભારે વધારો જોવા મળી રહ્યો છે. બીજીબાજુ કેટલાક ઘઉંની મિલ ધરાવતા અને ધાન્યની ખરીદી સાથે શંકાયેલ વેપારીઓએ ખેડૂતોની મજબુરીનો લાભ ઉઠાવવા ગ્રામ્ય વિસ્તારોમાં ધામા નાખી સસ્તા ભાવે ઘઉં સહીત રવિ પાકની ખરીદી કરી ખેડૂતોને લૂંટી રહ્યા છે. ખેડૂતો લૂંટાઈ રહ્યા હોવા છતાં મજબૂરીમાં લાચાર બની રહ્યા છે.

## ખેડબ્રહ્મામાં સુરતથી આવેલ ૯ લોકોને ગવર્નમેન્ટ કોરોન્ટાઈન કરાયા

ખેડબ્રહ્મા શહેરમાં બહારથી આવતા લોકોને સરકાર દ્વારા પહેલા હોમ કોરાંટાઇલ કરવામાં આવતા હતા પરંતુ કોરોના સામે લડત કાર્યવાહી કડક કરવામાં આવતા ગુરુવારના રોજ જિલ્લા બહાર સુરતથી ખેડબ્રહ્મા તાલુકાના ચીખલા ગામે એક જ પરિવારના ૨ બાળકો સહિત પાંચ લોકો તથા અન્ય ૪ લોકો શહેરની સરકારી છાત્રાલયમાં કોરેન્ટાઇલ કરવામાં આવ્યા હતા.



**ભિલોડા આર. જે. તન્ના પ્રેરણાના એન. એસ. એસ. સ્વયંસેવકો ધ્વારા ચા-નાસ્તાનું વિતરણ**

ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે. તન્ના પ્રેરણા વિદ્યા મંદિરના જુદી-જુદી પ્રવૃત્તીઓ શૈક્ષણિક, સામાજીક ક્ષેત્રે નામના મેળવેલ છે. એન.એસ.એસ. સ્વયંસેવકો ધ્વારા ચા-નાસ્તાનું વિતરણ કરાયું હતું. કોરોના વાયરસની મહામારીને લીધે લૉકડાઉનનું પાલન કરાવવા ખડે પગે ઉભા રહેતા પોલીસ જવાનોને ચા-નાસ્તો સમયસર મળી રહે તેવા ઉદ્દેશથી છેલ્લા ૧૦ દિવસથી અર્બુદા સેવા સંઘ મંત્રી દામુભાઈ પટેલના સહયોગથી માતૃશ્રી આર.જે. તન્ના પ્રેરણા વિદ્યા મંદિરના સ્વયંસેવકો ધ્વારા ચા-નાસ્તાની સેવાકીય પ્રવૃત્તી હાથ કરાઈ હતી. આચાર્ય રમણભાઈ પટેલએ સફળ આયોજન કર્યું હતું. સ્વયંસેવકોએ પ્રજાજનોને લૉકડાઉનનું મહત્વ સમજાવી સરકારી તંત્રને મદદરૂપ થવા અપીલ કરી હતી.

## બાયડના ભૂખેલ ગામની બે પિતરાઈ બહેનો નદીમાં ડૂબી જતાં મોત

અરવલ્લી જિલ્લાના બાયડના ભૂખેલ ગામની બે પિતરાઈ બહેનો નદીમાં ડૂબી જતાં મોત નિપજ્યું હતું.

આ અંગે જાણવા મળેલી માહિતી અનુસાર ભૂખેલ ગામની બે બહેનો નદી પર કપડા ધોવા ગયેલ આ દરમિયાન બંને બહેનોના પગ લપસતા ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયેલ.

સ્થાનિકો દ્વારા બંને બહેનોના મૃતદેહોને બહાર કાઢવામાં આવેલ આ અંગે બાયડ પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.